Vol.2 Issue 2 2019-20

MAKTABAH JAFARIYAH Knowledge & Research Academy
The International Journal
ISSN 2581-4354

# સરકારી જિલ્લા પુસ્તકાલય, પાલનપુરનો અભ્યાસ

ડૉ.મહેદીહસન ગુલામહૈદર માંકણોજીયા
ગ્રંથાલય કારકુન
સરકારી તાલુકા પુસ્તકાલય,
દાંતા, બનાસકાંઠા

સાર્વજનિક પુસ્તકાલયએ પ્રાચીન સમયથી ચાલી આવતી સંસ્થા છે. ડૉ. એસ. આર. રંગનાથનના પ્રયત્નો સાર્વજનિક પુસ્તકાલય માટેનાં હતા. પુસ્તકાલય ધારાઓ પણ સાર્વજનિક પુસ્તકાલય સાથે જ સંકળાયેલા છે. ગુજરાત રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલયના પેટા પ્રકારોમાં જોઈએ તો, સંપૂર્ણ સરકાર હસ્તગત ચાલતા સરકારી સાર્વજનિક પુસ્તકાલયો અને બીજા પ્રકારમાં સરકાર પાસેથી અનુદાન મેળવીને ચાલતા અનુદાનિત સાર્વજનિક પુસ્તકાલયો અને તે સિવાય કોઈ વ્યક્તિ કે સંસ્થા હસ્તગત ચાલતા સાર્વજનિક પુસ્તકાલયો જોવા મળે છે. તેમાં સરકારી પુસ્તકાલયોની વાત કરીએ તો સરકારી તાલુકા પુસ્તકાલયો, સરકારી જિલ્લા પુસ્તકાલયો તેમજ રાજ્યના મધ્યસ્થ પુસ્તકાલયો આ પ્રકારે સરકારી સાર્વજનિક પુસ્તકાલયો સેવાઓ આપે છે. તેમાં સરકારી જિલ્લા પુસ્તકાલયો કે જે જિલ્લાના મુખ્ય મથકમાં કાર્યરત છે, જે જિલ્લાના વિશાળ વાચક વર્ગને સેવાઓ પૂરી પાડવા તેમજ તાલુકા ગ્રંથાલયો, ગ્રામ ગ્રંથાલયો, સહ સાસ્કૃતિક કેન્દ્રોના કેટલેક અંશે સંચાલન કરવા માટે સ્થાપિત કરવામાં આવેલા છે.

**Keywords:** Public Library, District Library, Gujarat Government Library

## પૂર્વ પ્રકાશિત સાહિત્યની સમીક્ષા

આ મહાશોધ નિબંધમાં સંશોધક દ્વારા કર્ણાટક રાજ્યના જિલ્લા અને તાલુકા ગ્રંથાલયોમાં તેમની સેવાઓ અને સંસાધનો ઉપર અભ્યાસ કરવામાં આવ્યો છે. સંશોધકે આ અભ્યાસમાં આંતરરાષ્ટ્રીય અને કર્ણાટક રાજ્યના ગ્રંથાલયોનો વિકાસ દર્શાવ્યો છે. કર્ણાટક રાજ્યના જિલ્લા પુસ્તકાલયો સવારના ૮.૩૦ થી સાંજના ૭.૦૦ વાગ્યા સુધી ખુલ્લા રાખવામાં આવે છે. જ્યારે તાલુકા પુસ્તકાલયો બે પાળીમાં ખુલ્લા રાખવામાં આવે છે. દરેક તાલુકા અને જિલ્લા પુસ્તકાલયો દર સોમવારની અઠવાડિક રજા અને બીજો મંગળવાર રજા રાખવામાં આવે છે. સંશોધક તારણોમાં જણાવે છે કે કર્ણાટક રાજ્યના તાલુકા અને જિલ્લા પુસ્તકાલયોની સુવિધાઓમાં તાત્કાલિક સુધારો લાવવાની જરૂર છે. જેમાં મકાન, માહિતી સ્ત્રોતો, સેવાઓ, પાયાની જરૂરિયાતો જેવી કે બાથરૂમ, પીવાના પાણીની વ્યવસ્થા વગેરેમાં સુધારો લાવવાની જરૂર છે. તે સિવાય માહિતી અને પ્રત્યાયન તકનીકી અને વેબ આધારિત સેવાઓમાં વિકાસ સાધવાની જરૂરિયાત પર ભાર મૂકેલ છે.(Reddy,2014)

આ ગ્રંથમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વિવિધ વિષયો ઉપર ઘણા લેખકોના લેખોનો સંગ્રહ છે. જેના વિષયોમાં ગ્રંથાલય સંચાલન, નેટવર્કીંગ, સાર્વજનિક ગ્રંથાલય ધારાઓ અને ગ્રંથાલયિત્વ વગેરે

સૂચનો રજુ કરેલ છે. જેના લગભગ વિષયો સાર્વજનિક ગ્રંથાલયો ઉપર છે, જેમ કે 'પુસ્તકનું આંતરરાષ્ટ્રીય વર્ષ', 'યુનેસ્કોનો જાહેર ગ્રંથાલય ઢંઢેરો', 'સાર્વજનિક ગ્રંથાલયના હેતુઓ' વગેરે. આ બધી ચર્ચામાં ડૉ. એસ. આર. રંગનાથનનાં પ્રયત્નો, યુનેસ્કોએ જાહેર કરેલ સાર્વજનિક ગ્રંથાલયની વ્યાખ્યામાં ગ્રંથાલય શાસ્ત્રના બીજા સુત્ર પ્રમાણે વાચકને કેન્દ્ર ઉપર રાખીને વિવિધ બાબતો રજુ કરવામાં આવી છે. સદર સંશોધન પેપરમાં ઉપરોક્ત બાબતોનો સવિશેષ સમાવેશ કરવામાં આવેલ છે, પરંતુ આટલી જોગવાઈઓ હોવા છતાં તેનો અમલ કેટલે અંશે છે અને તે પણ સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં કેટલા પ્રમાણમાં છે, તે બાબત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.(પ્રજાપતિ,૨૦૧૨)

અહિયાં પાકિસ્તાનના કરાંચી શહેરમાં ચાલેલી ગ્રંથાલય ચળવળનો ઈતિહાસ અને કરાંચી ગ્રંથાલય નિગમ કે જે શહેરમાં ગ્રંથાલય પધ્ધતિ વિકસાવવા માટે બન્યુ તેના પર વધુ મહત્ત્વ આપ્યુ છે. શિક્ષણ નીતિ (૧૯૭૨-૮૦)નાં મુખ્ય લક્ષણોમાં સાર્વજનિક ગ્રંથાલયો ઉપર પડેલી અસર વર્ણવવામાં આવી છે. તેમણે કરેલા સર્વેક્ષણમાં કરાંચીનાં મુખ્ય સાત સાર્વજનિક ગ્રંથાલયોનો સમાવેશ કરેલ છે. સાર્વજનિક પુસ્તકાલયોની સેવાઓ, માહિતી સ્ત્રોતો, ભૌતિક સુવિધાઓની ઘણી જ દયનીય સ્થિતિ અને સાર્વજનિક ગ્રંથાલયોનો ઘટતો જતો ઉપયોગ વગેરે બાબતો જાહેર કરી છે.(Khurshid,1988)

અહીયા સાર્વજનિક ગ્રંથાલયો માટે કાયદાકીય ધારાઓની જરૂરીયાત ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ગ્રંથાલયના ધારાઓમાં ઘણા સુધારા- વધારાની જોગવાઇઓ કરવાની તેમણે હિમાયત કરી છે. લેખકના મતે અત્યાર સુધી રજૂ થયેલ ગ્રંથાલય ધારાઓને પુન: સંશોધન કરી વધુ પ્રભાવકારક બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. વર્તમાન સમયને ધ્યાને રાખી સાર્વજનિક ગ્રંથાલયોનો વિકાસ થાય અને વધુ સેવાઓ લોક સમુહ માધ્યમ સુધી પહોચે તેવા પ્રયત્નો થવા જોઈએ.(Khan,2006)

આ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે પ્રજાજનો, સંશોધન માર્ગદર્શકો, સંશોધનકર્તાઓ વધુને વધુ પ્રમાણમાં જિલ્લા પુસ્તકાલયોનો ઉપયોગ કરે તેવી સમજણ આપેલ છે. ત્યાં તેમને એવો અહેસાસ કરાવો જરૂરી છે કે તેમની વિકાસલક્ષી બાબતોના વધુ સુધારા માટે તેને લગતા સાધનો અને તકનીકી સુવિધાઓ મળી રહેશે. જિલ્લા ગ્રંથાલયોમાં કાર્ય કરવાની પદ્ધતિ અને પ્રકારમાં વધારો કરીને ગુણવત્તા અને સંખ્યામાં બંનેમાં સુધારો કરવાની જરૂર છે. જરૂર લાગે ત્યાં ગ્રંથાલયના ઉપયોગકર્તાને પ્રોત્સાહિત કરવા અને હિંમત પૂરી પાડવી જોઈએ. કેટલીકવાર થોડીક શૈક્ષણિક પ્રક્રિયાઓ કરાવવી જોઇએ જેવીકે સેમીનાર, કાર્યશાળાઓ, મુલાકાતી વ્યાખ્યાનો, ઓપવર્ગ વગેરે કાર્યો કરવા કારણ કે તેનાથી જ્ઞાનમાં વધારો થાય છે અને અધતન જ્ઞાન મેળવી શકાય છે.(Baalachandran,2012)

આમ, સંદર્ભ સાહિત્યની સમીક્ષાના સ્ત્રોત એ સંબંધિત સાહિત્યના આધારે પુરૂ પાડવામાં આવેલ છે, જે સંશોધન પેપર સાથે સંકળાયેલ છે અને જે ફક્ત પૂર્વે થયેલા અભ્યાસો નથી પરંતુ સદર લેખના વિષયને આધીન રહી વર્ણન કરાયા છે. સાહિત્યનો સ્ત્રોત વિવિધ પ્રકાશનોના (સામાયિકો, પુસ્તકો, લઘુશોધ નિબંધ, મહાશોધ નિબંધ, અહેવાલો, ઈન્ટરનેટ,વગેરે.) ગ્રંથાલયો અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રનો સંગ્રહ કરીને કરાયો છે. સંદર્ભ સાહિત્યનુ અવલોકન કર્યા બાદ સદર સંશોધન પેપરના

અભ્યાસને સાચી દિશા, ચોક્કસ મુદ્દાઓ, ક્ષેત્ર, અભ્યાસની નીતી, વિવિધ પ્રશ્નો વગેરે પ્રત્યે નવો ખ્યાલ અનુભવાયો છે.

## સંશોધનના હેતુઓ

- સરકારી જિલ્લા પુસ્તકાલયમાં પુસ્તકાલય વ્યવસ્થાપનનો અભ્યાસ કરવો.
- જિલ્લા પુસ્તકાલય દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓની માહિતી મેળવવી.
- સમાજના વિકાસમાં સાર્વજનિક પુસ્તકાલયનું મહત્ત્વ જાણવું.
- સદર પુસ્તકાલયમાં કમ્પ્યુટરાઈઝેશન અંગેનો અભ્યાસ કરવો.
- સદર પુસ્તકાલયયના ગ્રંથસંગ્રહ વિકાસનો અભ્યાસ કરવો.

## ક્ષેત્ર અને મર્યાદાઓ

- સંબંધિત પુસ્તકાલયના કર્મચારીગણ દ્વારા જે માહિતી મળેલ છે, તેના જ આધારે તારણો રજુ થયેલા છે. અન્ય શબ્દોમાં કે જે માહિતી પૂરી પાડનારા જવાબદાર સત્તાધિકારી દ્વારા કેટલી માહિતી મળે છે તે એક મોટી મર્યાદા છે.
- સદર અભ્યાસનો મુખ્ય આધાર પુસ્તકાલયમાં ચાલતા ગ્રંથાલય સંચાલન, કમ્પ્યુટરાઈઝેશન, ગ્રંથસંગ્રહ વિકાસ અને તે માટેની નીતિ અને તેમની સેવાઓ અને પ્રવૃતિઓનો જ અભ્યાસ કરવામાં આવેલ છે.

## સંશોધન પધ્ધતિ

સર્વેક્ષણ પદ્ધતિ એક સર્વ સામાન્ય પધ્ધતિ છે જે ખાસ કરીને સામાજીક વિજ્ઞાનના વિષયોમાં ઉપયોગ થાય છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રમાં આ પદ્ધતિ વ્યાપકપણે સંશોધનના વિવિધ હેતુઓની પુર્તિ માટે ઉપયોગ કરવામાં આવે છે.

સદર સંશોધનમાં સરકારી જિલ્લા પુસ્તકાલયનુ પ્રતિનિધિત્વ જિલ્લા ગ્રંથપાલ કરતાં હોય છે. જેથી સદર અભ્યાસમાં આવશ્યક માહિતી સંસ્થાના વડા તરીકે ફરજ બજાવતાં કર્મચારી જિલ્લા ગ્રંથપાલ પાસેથી પ્રશ્નાવલી પધ્ધતિ દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે.

## સંશોધનના તારણો

- સરકારી જિલ્લા પુસ્તકાલય, પાલનપુર વિશાળ ક્ષેત્રફળ ધરાવતું નથી.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુર કુલ માસિક રૂ.૬૪૮૦/- ભાડું ચૂકવીને ભાડાના મકાનમાં કાર્યરત છે. (નવું સરકારી ભવન બનતું હોઈ ટૂંક સમયમાં સદર પુસ્તકાલય સરકારી ભવનમાં કાર્યરત બનશે.)
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં એ.સીની સુવિધા નથી.
- વાચકો માટે શૌચાલયની સુવિધા છે.
- આગ પ્રતિરોધક સાધન વસાવેલ છે
- શાંત વિસ્તારમાં આવેલ છે તેમજ વાચકો માટે કેંદ્ર સ્થાને છે.
- વાચકો માટે આર.ઓ. કે ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરના વડા તરીકે 'જિલ્લા ગ્રંથપાલ'નું મહેકમ કાર્યરત છે. જે હાલે ચાર્જમાં ચાલે છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરના મુખ્ય વડાની જ જગ્યા ખાલી જોવા મળે છે. જેની નકારાત્મક અસર પુસ્તકાલયના કાર્યક્ષેત્ર પર પડતી જોવા મળે છે. અહી જિલ્લા પુસ્તકાલયમાં સફાઇ કર્મચારી ૦૧ છે. તે સિવાય અત્રે જુનિયર ક્લાર્ક ૦૧ અને ગ્રંથાલય

કારકુન ૦૨ અને પટાવાળા તરીકે ૦૧ કર્મચારી ફરજ બજાવે છે.

- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં અંદાજપત્ર તેમની વિભાગીય કચેરી મદદનીશ ગ્રંથાલય નિયામકની કચેરી, મહેસાણા મારફત તૈયાર કરવામાં આવે છે, જે સંકલિત કરીને વડી કચેરી ગાંધીનગરને મોકલાવાય છે. સરકારમાં જે અંદાજપત્ર મંજૂર થાય છે તે સમગ્ર ગ્રંથાલય ખાતાનું હોય છે. જેમાંથી માંગેલ અનુદાન નિયમ મુજબ ફાળવવામાં આવે છે. સામાન્ય રીતે પુસ્તક ખરીદી વડી કચેરી ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુર દૈનિક પેપર સામયિકો, વિસ્તરણ પ્રવૃતિ, કચેરી ખર્ચ અને કર્મચારીઓના પગારના ખર્ચ કરે છે. સદર જિલ્લા પુસ્તકાલયને ભેટમાં વાંચન સામગ્રી સારા પ્રમાણમાં મળતી નથી તેવું જણાઈ આવે છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં પુસ્તકોનું વર્ગીકરણ ડી.ડી.સી.પધ્ધતિ મુજબ કરવામાં આવે છે. તેમજ વિષય મથાળા આપતાં નથી.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં કમ્પ્યૂટરાઈઝેશન થયેલ છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં કમ્પ્યૂટર, પ્રિન્ટર, સ્કેનર, બારકોડ રીડર અને SOUL સોફ્ટવેર છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ નથી.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં કમ્પ્યૂટર વડે પુસ્તકોનું આપ-લે, પરિગ્રહણ, સૂચીકરણ અને ઓપેક જેવા કાર્યો કરે છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં જી-સ્વાનની સુવિધા નથી.
- સમગ્ર પુસ્તકાલયનો ડેટા બેકઅપ મહિનાના અંતે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરની કચેરીને મોકલાવાય છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુર સંદર્ભ સેવા નિયમિત પણે આપે છે. પરંતુ તે સિવાય અધતન અવબોધન સેવા, ફોટોકોપી, વાડમયસૂચી સેવા કેટલાક અંશે જ આપવામાં આવે છે, જ્યારે આંતર ગ્રંથાલય લોન સેવા આપવામાં આવતી નથી. ફોટોકોપી મશીન માત્ર સંસ્થાના ઉપયોગ સારૂ વાપરવામાં આવે છે.
- દૈનિક પુસ્તકોનું પરિભ્રમણ સરેરાશ ૪૦ થી ૬૦ ની વચ્ચે છે.
- પુસ્તકોનું આદાન-પ્રદાન કમ્પ્યૂટર વડે કરવામાં આવે છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં નોંધાયેલ સભ્યને એક પુસ્તક વાંચવા માટે આપવામાં આવે છે. જેની મુદ્દત ૧૪ દિવસની રાખેલ છે. ત્યારબાદ આવનારા પુસ્તકો માટે પ્રતિ દિન ૦.૫૦ પૈસા અતિદેય લેવામાં આવે છે.
- અત્રેના પુસ્તકાલયમાં સભ્ય પદ પાંચ વર્ષના બ્લોક પ્રમાણે આપવામાં આવે છે. ત્યારબાદ માત્ર રૂ.૧૦ લઈ ફરીથી પાંચ વર્ષના બ્લોક માટે રીન્યુ કરવામાં આવે છે.
- વાચકો માટે વાંચન કરવા સારૂ ટેબલ ખુરશીની વ્યવસ્થા વિસ્તાર મુજબ યોગ્ય જણાય છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં ગ્રંથાલય ખાતાના નિયમ મુજબ દર ત્રણ વર્ષે પુસ્તકોનું મેળવણું કરવામાં આવે છે.

- તેમજ પુસ્તકોની ફ્લક પર ગોઠવણી વર્ગીકરણ મુજબ કરવામાં આવેલ છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં વાચકો માટે 'મુક્ત પ્રવેશ પધ્ધતિ' અપનાવવામાં આવેલ છે.
- અત્રે દર વર્ષે ૧૪ થી ૨૦ નવેમ્બરે 'રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ' નિયમિત ઉજવવામાં આવે છે. તે સિવાય ગ્રંથ પ્રદર્શન નિયમિત થાય છે. જ્યારે ગ્રંથ યાત્રા, કારકીર્દી માર્ગદર્શન, અગત્યના તહેવારો કે દિનની ઉજવણી પ્રસંગે વિસ્તરણ પ્રવૃતિઓ કરવામાં આવે છે.
- સરકારી કર્મચારીઓના પગાર અને કચેરીખર્ચને લગતા વહીવટીય બીલો ચુકવવાનાં અધિકાર જેમેને મળે છે તેમને 'ઉપાડ અધિકારી' કહેવાય છે. અત્રે સરકારી જિલ્લા પુસ્તકાલય, પાલનપુરના જિલ્લા ગ્રંથપાલને 'ઉપાડ અધિકારી'ના અધિકાર આપેલા છે. તેઓએ તેમના પુસ્તકાલયના અને બનાસકાંઠા જિલ્લાના સરકારી તાલુકા પુસ્તકાલયોના કર્મચારીઓના પગાર અને કચેરીખર્ચને લગતા વહીવટીય કાર્યો કરવાના થતા હોય છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં મોટેભાગે જિલ્લા ગ્રંથપાલ 'ગ્રામ ગ્રંથાલય' અને 'સહ સાંસ્કૃતિક કેંદ્ર'ના નિરિક્ષણનું કાર્ય કરે છે. જેમાં ગ્રામ ગ્રંથાલયો વધુ માત્રા ધરાવે છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુર દ્વારા મહદ: અંશે નવા સભ્ય બનનારા વાચકોને ઉપભોકતા શિક્ષણ આપે છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરના વાચકો સૌથી વધુ પુસ્તકો અને સમાચારપત્રોનું વાંચન પસંદ કરે છે. ત્યારબાદ સામયિક અને સંદર્ભ પુસ્તકોનું વાંચન કરે છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં સ્ત્રી-પુરૂષ વાચકો સંયુક્ત વાંચનખંડમાં વાંચન કરે છે.
- સરકારી જિલ્લા પુસ્તકાલય પાલનપુરમાં અનુક્રમે ગુજરાતી ભાષાના પુસ્તકો, સામયિકો અને દૈનિકપત્રોનો સંગ્રહ વધુ જોવા મળે છે. જે એક સાર્વજનિક પુસ્તકાલય તરીકે યોગ્ય કહી શકાય. તેમજ જિલ્લાનું એકમાત્ર પુસ્તકાલય હોવાની દ્રષ્ટિએ કુલ ગ્રંથ સંગ્રહ ૫૦૦૦૦ જેટલો છે. પુસ્તકો તેમની વડી કચેરી ગાંધીનગર દ્વારા ખરીદ કરીને પૂરા પાડવામાં આવે છે. તેમજ અગ્રંથ સામગ્રીનો સંગ્રહ પૂરતાં પ્રમાણમાં જણાતો નથી.

## સંદર્ભો


- Reddy, Shankar. (2014) Use of Information Resources and Services of District Central Libraries and their Branches in Karnataka State, Unpublished Thesis. Gulbarga: Department of Library and information Science, Gulbarga University Retrieved from http://shodhganga.inflibnet.ac.in/handle/10603/33648
- પ્રજાપતિ, મણીભાઈ (૨૦૧૨). ગ્રંથાલયે શાસ્ત્રે શિવદર્શનમ.માં વેગડ, પ્રકાશ. યુનેસ્કો જાહેર ગ્રંથાલય ઢંઢેરો (પૃ.૪૬૮- ૪૭૦). બાકરોલ(ગુજરાત): શીવદાનભાઈ ચારણ અભિવાદન સમિતિ.
- Khurshid, Anis.(1998). City public library system for Karachi metropolis Library Herald (36.3) p.135-151.

- Khan, H A., (2006) “Need for Library Legislation”, Timeless Fellowship 5&6:p.155-167.Retrieved from https://archive.org/stream/in.ernet.dli.2015.147651/2015.147651.Indian Library-Literature_djvu.txt
- Baalachandran, S. (2012) Public Libraries In Tamil Nadu – A Study With Reference To The Socio-Economic Conditions Of The Users. Manonmaniam Sundaranar University. Retrieved from http://shodhganga.inflibnet.ac.in/handle/10603/20466
- Manknojiya, M.G.(2014-2018) A Study Of Government District Libraries of Gujarat State. Hemchandracharya North Gujarat University, Patan.
- મુલ્ય વર્ધિત સેવાઓની દિશામાં ગ્રંથાલયો, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, ૨૦૧૪
- નાગરિક અધિકાર પત્ર, ગુજરાત રાજ્ય, ગ્રંથાલય નિયામક